ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સુધારા જાહેરાત (જાહેરાત ક્રમાંક: ૧૬૭/ ૨૦૧૮૧૯ થી ૧૮૦/૨૦૧૮૧૯)

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલયના શ્રમ અને રોજગાર વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર હસ્તકના વર્ગ-૩ ના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતીની જગાઓ ભરવા માટે તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજ સંયુકત જાહેરાત ક્રમાંકઃ ૧૬૭/૨૦૧૮૧૯ થી ૧૮૦/૨૦૧૮૧૯ પ્રસિદ્ધ કરી લાયક ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીપત્રકો મંગાવવામાં આવેલ છે. જેમાં ઉમેદવારોને ઓન-લાઇન અરજીપત્રકો રજીસ્ટર્ડ કરવા માટેની છેલ્લી તા. ૧૧/૦૪/૨૦૧૯ નિયત કરવામાં આવેલ છે. જે સંદર્ભે કેટલાક આર્થિક રીતે નબળા વર્ગના અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારો તરફથી મંડળને ટેલિફોનિક રજુઆત કરવામાં આવેલ છે કે - ઉકત અરજીપત્રક રજીસ્ટર્ડ કરવા માટે નાણાંકીય વર્ષ - ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટેનું આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર મેળવવા માત્ર ૧૧ દિવસનો સમય મળતો હોવાથી તેટલા સમયમાં ઉકત પ્રમાણપત્રો મેળવવામાં મુશ્કેલી પડી રહેલ છે. જેથી અરજપત્રક ભરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રમાણપત્રો ન મળવાના કારણે કેટલાક ઉમેદવારો અરજીપત્રક ભરવાથી વંચિત રહી જવાની સંભાવના રહેલ છે. તેથી અરજીપત્રકોના રજીસ્ટ્રેશન માટેની સમયમર્યાદા લંબાવવા માટે વિનંતી કરેલ છે. તેમજ મંડળની તા. ૨૯/૦૩/૨૦૧૯ ના રોજની અગત્યની જાહેરાત અન્વયે જે ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાતમાં નેશનલ એપ્રેન્ટીસ શીપ સર્ટિફિકેટ (NAC) નો તાલીમી કોર્ષ અથવા નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ (NTC) નો તાલીમી કોર્ષ પાસ કરેલ હોય તેવા ઉમેદવારોએ ઉકત બંને વૈકલ્પિક તાલીમી કોર્ષ સાથે ક્રાફટ ઇન્સ્ટ્રકટર ટ્રેનીંગ કોર્ષ (CITC) પાસ કરેલ હોવો ફરજિયાત છે તેથી તે જોગવાઇ અન્વયે સંબંધકર્તા ઉમેદવારો પોતાનું અરજીપત્રક નવેસરથી રજીસ્ટર્ડ કરી શકે તે માટે પણ સમમર્યાદા લંબાવવી જરૂરી જણાયેલ છે.

ઉપરોકત બાબતેની ઉમેદવારોની રજુઆત ધ્યાને લઇ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC) ના ઉમેદવારો નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર મેળવીને ઉમેદવારી નોધાવી શકે તેમજ તા. ૨૯/૦૩/૨૦૧૯ ની અગત્યની જાહેરાત અન્વયે સંબંધકર્તા ઉમેદવારો નવેસરથી અરજીપત્રક રજીસ્ટર્ડ કરી શકે તે માટે ઓન-લાઇન રજીસ્ટ્રેશન માટેની સમયમર્યાદા તા. ૨૦/૦૪/૨૦૧૯ સુધી લંબાવવામાં આવે છે. તેમજ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે

પરીક્ષા ફી ભરવા માટેની તા. ૨૪/૦૪/૨૦૧૯ સુધી લંબાવવામાં આવે છે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

નોંધ (તમામ ઉમેદવારો માટે)

(૧) આ સુધારા જાહેરાત અન્વયે વય મર્યાદા અને શૈક્ષણિક લાયકાત માટે **CUT OFF DATE** અગાઉ તા. ૦૭/03/૨૦૧૯ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાતમાં દર્શાવ્યા મુજબની તા. ૧૧/૦૪/૨૦૧૯ રહેશે. જ્યારે આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પ્રમાણપત્ર તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે નોન-ક્રમિલેયર પ્રમાણપત્ર માટેની **CUT OFF DATE** તા. ૨૦/૦૪/૨૦૧૯ રહેશે.

(૨) આ સુધારા જાહેરાત થી OJAS પર ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા હવે તા. ૨૦/૦૪/૨૦૧૯ (૨૩-૫૯ કલાક) સુધીની રહેશે.

(3) ઉમેદવારો માટેની અન્ય શરતો મૂળ જાહેરાતોમાં દર્શાવ્યા મુજબની યથાવત રહેશે.

તારીખ :- ૧૧/૦૪/૨૦૧૯
સ્થળ :- ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર